જા નં./નિઅને અસ/અષણ-૦૧/૧૬૪૯/૦૭
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
સહકારી ખાતું , ગુ. રા. વીંગ "બી"
કૃષિભવન, પાલડી,અમદાવાદ
ફોન .૨૬૫૭૭૩૮૨ ફેકસ : ૨૬૫૭૭૩૯૨
Email : exoff-agri-ahd@gujarat.gov.in
તારીખ -: ૩૧ /૮ / ૦૭.

પ્રતિ,
સ્પેશ્યલ ઓડીટર (મિલ્ક),
મિલક ઓડીટ ઓફીસ,
તમામ

વિષય : - સહકારી સંસ્થાઓએ જરૂરી રેકર્ડ નિભાવવા અંગે.

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેની કચેરીના તા ૧૭/૧/૮૬ના પરિપત્ર ક્રમાંક નિ અને અસ/ અષણ/સીઈઓ/૨૧૭/૮૬થી દૂધ સહકારી મંડળીઓના અન્વેષણ બાબતે વિગતે સૂચના ઓ આપવામાં આવેલ છે. તથા સદરહુ પરિપત્રમાં અન્વેષણ વખતે કયુ દફતર કોની સાથે અને કેવી રીતે ચકાસવું તથા વાર્ષકિ હિસાબો કેવી રીતે ચકાસવા - પ્રમાણિત કરવા વિગેરે બાબતે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.
સદરહુ પરિપત્રમાં દૂધ મંડળીઓ ધ્વારા નિભાવવામાં આવતાં રજિસ્ટ્રરોની ચકાસણી કઈ રીતે કરવી તેની પણ વિગતવાર છણાવટ કરવામાં આવેલ છે.

આમ પ્રાથમિક મંડળીઓ ધ્વારા કયા રજિસ્ટ્રરો નિભાવવા તે સૂચવેલ છે.

અત્રેની કચેરીના સ્પેશ્યલ ઓડીટરો તથા ઓડીટરો ધ્વારા પ્રાથમિક મંડળીઓ તથા સંધોનું ઓડીટ કરવામાં આવે છે. ત્યારે પ્રાથમિક મંડળીઓ તથા સંઘો ધ્વારા નિભાવવામાં આવતાં રજિસ્ટરો યોગ્ય છે. કે તેમાં તમારા અનુભવે કોઈ ફેરફાર કરવો જરૂરી છે વળી અન્ય વધારાના રજિસ્ટરો સંસ્થામાં નિભાવવાની જરૂરિયાત છે તો કયા પ્રકારના રજિસ્ટરો તૈયાર કરાવવા જોઈએ.

આમ મંડળીઓ / સંઘ ધ્વારા નિભાવવામાં આવતાં રજિસ્ટરો તથા બીજા વધારાના જરૂરિયાત મુજબના રજિસ્ટરો તૈયાર કરવા જરૂરી હોય તો યાદી તૈયાર કરી આપના સૂચનો મોકલી આપવા વિનંતી છે.
રજિસ્ટ્રારશ્રી સ.મં.ગાંધીનગરના તા ૧/૮/૦૭ના આદેશ ક્રમાંક ધરમ/૧૦૭/છ/૮૨૭/૦૭થી સહકારી મંડળીઓના નિયમ - ૩૭ હેઠળ હાઉસીંગ મંડળીઓએ કયા રજિસ્ટરો રાખવા તે અંગે આદેશ કરેલ છે. જેની નકલ આ સાથે સામેલ રાખેલ છે.

મુખ્ય કાર્યપાલક અધિકારી
નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ,
ગુજરાત રાજય, અમદાવાદવતી.
મુસધ્દો મુ.કા.અધિકારીશ્રી એ મંજુર કરેલ છે.